# ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી

ક્રમાંકઃ કયુ/ફાઉ.કોર્ષ/2019-20/ ૪૯૭

યુનિવર્સિટી કાર્યાલય, મુન્દ્રા રોડ, ભૂજ–કચ્છ.

તાઃ૧૯/૦૮/૨૦૧૯

**સંદર્ભ :** તાઃ૨૯/૦૭/૨૦૧૯ની કચ્છ યુનિવર્સિટીની એકેડેમિક કાઉન્સિલના ઠરાવ ક્રમાંકઃ–૦૨ અન્વયે.

પરિપત્ર નંઃ–૪૩

આથી કચ્છ યુનિવર્સિટી સંલગ્ન અનુસ્નાતક વિભાગના વડાશ્રીઓ તથા સંલગ્ન પી.જી.સેન્ટરના વડાશ્રી/આચાર્યશ્રીઓને જણાવવામાં આવે છે કે, કચ્છ યુનિવર્સિટીના અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં ડો.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી સાથે થયેલ MOU દ્વારા ફાઉન્ડેશન કોર્ષ ચલાવવામાં આવતા, આ ફાઉન્ડેશન કોર્ષ ચાલુ શૈક્ષણિક વર્ષઃ૨૦૧૯–૨૦થી રદ્દ કરવામાં આવે છે. તેની ક્રેડિટ પણ રદ્દ ગણવામાં આવે છે.

વૈધાનિક કાઉન્સીલ/બોર્ડ કે અન્ય અભ્યાસક્રમમાં ફાઉન્ડેશન કોર્ષની ક્રેડિટ કુલ ક્રેડિટમાં આવતી હોઇ તેવા અભ્યાસક્રમમાં વિષયની ક્રેડિટ અન્ય વિષયમાં ક્રેડિટમાં સરભર કરી કુલ ક્રેડિટનું સમતુલન જાળવવાનું રહેશે.

શૈક્ષણિક વર્ષ ૨૦૧૮–૧૯માં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થી ફાઉન્ડેશન કોર્ષમાં સેમેસ્ટર–૨માં નાપાસ થયેલ કે કોપી કેસમાં સજા પામેલ તેવા વિદ્યાર્થીઓએ ડો.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ફાઉન્ડેશન કોર્ષમાં ૨ વર્ષમાં ઉતિર્ણ થવાનું રહેશે. આ વિદ્યાર્થીઓને વિભાગના વડાશ્રીએ જાણ કરવાની રહેશે. શૈક્ષણિક વર્ષઃ–૨૦૧૯–૨૦થી અનુસ્નાતક કક્ષાના રેગ્યુલર અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓએ ફાઉન્ડેશન કોર્ષની પરીક્ષા આપવાની રહેશે નહી તથા વિદ્યાર્થીઓની માર્કશીટમાં ફાઉન્ડેશન કોર્ષની વિગત દર્શાવવાની રહેશે નહી. આ પરિપત્રનો અમલ શૈક્ષણિક વર્ષ ૨૦૧૯–૨૦થી કરવાનો રહેશે.

ખાસ નોંધઃ– સ્નાતક કક્ષાના અભ્યાસક્રમમાં ફાઉન્ડેશન કોર્ષ યથાવત રહેશે.

કા.કુલસચિવ
કચ્છ યુનિવર્સિટી

પ્રતિ

૦૧. ડીનશ્રી, તમામ વિદ્યાશાખા કચ્છ યુનિવર્સિટી, ભુજ તરફ.

૦૨. તમામ વડાશ્રી, ભવનો તથા વહીવટી વિભાગો, કચ્છ યુનિવર્સિટી, ભુજ તરફ.

૦૩. આચાર્યશ્રીઓ, કચ્છ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો તરફ.

૦૪. પરીક્ષા નિયામકશ્રી કચ્છ યુનિવર્સિટી, ભુજ તરફ.

૦૫. સિસ્ટમ એન્જીનીયર, કોમ્પ્યુટર વિભાગ, કચ્છ યુનિવર્સિટી, ભુજ તરફ.

૦૬. કો–ઓર્ડિનેટરશ્રી, પ્રાદેશિક કેન્દ્ર કચ્છ યુનિવર્સિટી, ગ્રંથાલય વિભાગ.

નકલ રવાના :– માનનીય કુલપતિશ્રીના કાર્યાલય તરફ

Scanned by CamScanner